**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૭.૨ ડીગ્રી
લઘુતમ : ૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૪૧ ટકા

## 'પદ્માવત' વિરોધ પરાકાષ્ટાએ...

# ગાંધીનગર કોર્ટમાં બે કેરોસીન બોંબ ફેંકાયા...!

### દારૂની બોટલમાં કેરોસીન ભરીને બનાવાયેલા બે કેરોસીન બોંબ કોર્ટના પ્રથમ માળે એડીશનલ ડીસ્ટ્રીકટ કોર્ટ નજીક લોબીમાં ફેંકી તત્વો ફરાર : મોટી આગ દુર્ઘટના સદભાગ્યે ટળી : અજાણ્યા તત્વો સામે પોલિસ ફરિયાદ

ગાંધીનગર, તા.૨૪

'પદ્માવત' ફિલ્મનો વિરોધ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. રસ્તાઓ વચ્ચે ટાયરો સળગાવી ચક્કાજામ કરવા, બસો ઉપર અને ખાનગી વાહનો ઉપર પથ્થરમારો કરી તોડફોડ કરવા અને આગચંપી કરવા ઉપરાંત થિયેટરોમાં તોડફોડ વહે સામાન્ય થઈ ગઈ હોય તેમ લાગે છે. જો કે ગઈ રાત્રે ગાંધીનગરમાં બનેલી ઘટના કદાચ ગાંધીનગરના ઈતિહાસમાં સૌ પ્રથમવાર બની છે. ગાંધીનગર કોર્ટના પ્રથમ માળે એડીશનલ ડીસ્ટ્રીકટ કોર્ટ નજીક લોબીમાં અજાણ્યા તત્વોએ બે કેરોસીન બોંબ ફેંકી કોર્ટ સળગાવવાનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી છે. આ ઘટના મામલે સેકટર-૭ પોલિસે ગુનો દાખલ કરીને ઘટનાને ગંભીરતાથી લઈને બારીકાઈથી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગઈ કાલે સાંજે શહેરના સે-૧૧ સ્થિત ડીસ્ટ્રીકટ કોર્ટ ખાતે ફરજ બજાવતા વોચમેન મયુરકુમાર રાઠોડ કોર્ટનું કામ બંધ થતા ઓફીસની સીડીઓના તાળા મારી ગેટ નં.૧ ઉપર એસઆરપી જવાન રાજુભા જાડેજા સાથે ઉભા હતા. રાત્રે પોણા દશ વાગ્યાના અરસામાં અચાનક ધડાકા સાથે કાચ ફુટયાના અવાજ આવ્યા અને કોર્ટના ધ્વજવંદનના પોલ સામે પહેલા માળે આગ લાગેલી દેખાતા બંને જવાનો દોડીને કોર્ટ લોબી તરફ દોડયા હતા. તાળા ખોલીને પ્રથમ માળે એડીશનલ ડીસ્ટ્રીકટ કોર્ટ તરફ જવાની સીડીની બાજુમાં લોબીની દિવાલે બે કેરોસીન બોંબ ફુટેલા દેખાયા હતા. દારૂની બોટલમાં કેરોસીન જેવું જવલનશીલ પ્રવાહી ભરીને કપડાની વાટો બનાવી કોઈ તત્વોએ કોર્ટના પ્રથમ માળે કેરોસીન બોંબ ફેંકયા હતા. સદભાગ્યે આ જગ્યાએ કોઈ ફર્નિચર ન હોવાથી આગનું મોટું સ્વરૂપ સર્જાયું ન હતું. ઘટનાની જાણ થતા પોલિસ ઘટના સ્થળ ઉપર આવી પહોંચી હતી અને મયુરકુમાર રાઠોડની ફરિયાદ આધારે અજાણ્યા તત્વો સામે આઈપીસી કલમ ૪૨૭, ૪૩૬, ૫૧૧ તથા ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટ કલમ-૩ અને ૪ મુજબ ગુનો દાખલ કરી એફએસએલ બોલાવી ઘટનાની ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

## કોર્ટ પર કેરોસીન બોંબની ઘટનામાં 'લેકાવાડા વિરોધ' કનેકશન હોવાની પણ આશંકા

કોર્ટ ઉપર કેરોસીન બોંબ ફેંકી કોર્ટને સળગાવવાના પ્રયાસ અંગે પોલિસે બારીકાઈથી તપાસ શરુ કરી છે. સોમવારે રાત્રે લેકાવાડા પાસે રસ્તા વચ્ચે ટાયરો સળગાવી ટોળાએ ચક્કાજામ કર્યો હતો. આ ટાયરો પોલિસ દૂર કરી રહી હતી ત્યારે ટોળાએ પોલિસ ઉપર હુમલો કર્યો હતો. આ પ્રકરણમાં ચિલોડા પોલિસે આઠ આરોપીઓની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા કોર્ટે એક દિવસના રિમાન્ડ ગઈ કાલે સાંજે આપ્યા હતા. ત્રણેક કલાક બાદ કોર્ટમાં આ પ્રકારે કેરોસીન બોંબ ફેંકાતા સન્નાટો છવાઈ ગયો છે. આ ઘટના પાછળ લેકાવાડા પ્રકરણનું કનેકશન હોવાની આશંકાને પગલે પોલિસે તે દિશામાં પણ ઊંડી તપાસ શરુ કરી કોર્ટ અને એમએસ બિલ્ડીંગના સીસીટીવી કેમેરાના ફુટેજ મેળવવા તજવીજ શરુ કરી છે.



ગાંધીનગર નજીક વાવોલ-ઉવારસદ રોડ ઉપર વાવોલ રાજપુત સેના દ્વારા ચક્કાજામ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. રસ્તા વચ્ચે ટાયરો અને સુકા ઝાડ ખડકી દઈને આગ ચંપી કરી રસ્તો બ્લોક કરવામાં આવ્યો હતો.



માણસા હાઈવે ઉપર આવેલા ગ્રામભારતી ખાતે આજે સવારે 'પદ્માવત' ફિલ્મનો અનોખો વિરોધ કરવામા આવ્યો હતો. સંજય લીલા ભણશાલીનું પ્રતિકાત્મક પૂતળું બનાવી નનામી સાથે બાંધીને ગામમાં નનામી ફેરવવામાં આવી હતી અને ત્યારબાદ આ નનામીને સળગાવી દઈ વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો.

## @ગાંધીનગર

● ગાંધીનગર અને જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા કાનુની શિબિર સવારે ૧૦ કલાકે વગડાવાળી માતાજીના મંદિર, સેકટર-૩ ખાતે યોજાશે.

● વંદે માતરમ્ પરિવાર દ્વારા આનંદનો ગરબો દત્ત મંદિર સે-૨૮ ખાતે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

● ઈલેકશન કમિશન ઓફ ઈન્ડિયા અને ચીફ ઈલેકશન ઓફીસર ગુજરાત દ્વારા નેશનલ વોટર દિવસની ઉજવણી સવારે ૧૧ કલાકે સેમિનાર હોલ-૨ મહાત્મા મંદિર, સે-૧૩ ખાતે યોજાશે.

## આજે પંચદેવ મંદિર ખાતે 'વિષ્ણુ યજ્ઞ'નું આયોજન

ગાંધીનગર, તા.૨૪

શ્રી રાધેશ્યામ ખાદી ટ્રસ્ટ સંચાલિત જનસેવા સમિતિ ગાંધીનગર દ્વારા અપાતી નિયમિત ટિફિન સેવાના ત્રણ વર્ષ પૂર્ણ થતા હોવાથી આવતીકાલે ગુરુવારના રોજ સેકટર-૨૨ ખાતે આવેલા પંચદેવ મંદિરે 'શ્રી વિષ્ણુ યજ્ઞ' તથા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

જનસેવા સમિતિ દ્વારા ટિફિન સેવાના લાભાર્થે શ્રી રાધેશ્યામ ખાદી ટ્રસ્ટ દ્વારા સિવિલ કિડની હોસ્પિટલ અમદાવાદ ખાતે દર રવિવારે નિયમિત ટિફિન સેવા આપવામાં આવે છે. આ સેવાના ત્રણ વર્ષ પૂર્ણ થતા પંચદેવ મંદિર ખાતે સવારે ૮ થી ૧ કલાકે વિષ્ણુ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. બપોરે ૧ કલાકે ભોજનપ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉત્સવમાં ઉદઘાટક ફુલશંકર શાસ્ત્રી મહારાજ દ્વારા આશીર્વચનનો લ્હાવો લઈ શકાશે. સમગ્ર કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે પંચદેવ મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી અમિત શેઠ ઉપસ્થિત રહેશે.

શ્રી રાધેશ્યામ ખાદી ટ્રસ્ટ સંચાલિત જનસેવા સમિતિમાં છેલ્લા ૧૦ વર્ષથી ટીફીન સેવા, આરોગ્યલક્ષી સેવા, દિવ્યાંગો માટે સેવા, સામાજીક સેવા અને પીવાના પાણીની સેવા જેવી વિવિધ સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

## હોલી ચાઈલ્ડ કલોલ ખાતે 'વિચાર સંધ્યા' કાર્યક્રમ યોજાશે

કલોલ ખાતે આવેલી હોલી ચાઈલ્ડ શાળામાં ૨૮મી જાન્યુઆરીને રવિવારના રોજ સાંજે ૫.૩૦ થી ૭.૩૦ કલાકે વકતવ્ય શ્રેણીના કાર્યક્રમ 'વિચાર સંધ્યા'નું આયોજન કરવામાં આવ્યું છે.

આપણે રોજબરોજના જીવનમાં અવારનવાર બધું સાંભળતા હોઈએ છીએ. પરંતુ મોટા ભાગે આપણે જે સાંભળીએ છીએ તે તેનો પ્રત્યુત્તર આપવા માટે જ સાંભળતા હોઈએ છીએ. જીવનમાં કયારેક એવું પણ સાંભળવું જરૂરી છે કે જે સાંભળ્યા પછી ઉત્તર-પ્રત્યુત્તર આપવાનો ન થાય અને મનમાં વિચારવાની પ્રક્રિયા શરૂ થાય. વિચારશીલ સમાજની રચના પરત્વેની એક પહેલ તરીકે હોલી ચાઈલ્ડ શાળા દ્વારા 'વિચાર સંધ્યા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. શાળાના પ્રાંગણમાં યોજાનાર આ કાર્યક્રમમાં વકતા તરીકે કવિ-સાહિત્યકાર તુષાર શુકલ તથા પ્રાધ્યાપિકા ડૉ. મનિષા મનિષ ઉપસ્થિત રહેશે.

## શાહપુર પ્રાથમિક શાળામાં ડિઝીટલ પુસ્તકાલય

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર તાલુકાના શાહપુર ખાતે આવેલી આદર્શ પ્રાથમિક શાળામાં ગુજરાત સરકારના જ્ઞાનકુંજ પ્રોજેકટ અંતર્ગત વિદ્યાર્થીઓ સ્માર્ટ કલાસનો મહત્તમ અને કાર્યક્ષમ લાભ લઈ શકે તેની પૂર્વ તૈયારી



સ્વરૂપે ડિઝીટલ પુસ્તકાલયની રચના કરવામાં આવી છે.

શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેકટ અંતર્ગત સરકાર દ્વારા સ્માર્ટ કલાસ માટે ૧૦૦ ટેબ્લેટ આપવામાં આવ્યા છે. ધોરણ-૫ અને ૬ના વિદ્યાર્થીઓ ટેબ્લેટનો સુચારુ ઉપયોગ કરી શકે તે માટે વિષય શિક્ષણ અને તેના સંદર્ભ પુસ્તકોનું ડિઝીટલાઈઝેશન કરવામાં આવ્યું. આગામી વર્ષમાં વિદ્યાર્થીઓ આ સ્માર્ટ કલાસનો મહત્તમ લાભ લઈ શકે તે હેતુથી આ ડિઝીટલ પુસ્તકાલયની રચના કરવામાં આવી છે. આ પ્રયોગમાં શાળામાં ઉપલબ્ધ ટેબ્લેટમાં વિવિધ પ્રકારના વાંચન સાહિત્યને પીડીએફ સ્વરૂપે ઈન્સ્ટોલ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ધો-૬ થી ૮ના તમામ પાઠયપુસ્તકો પણ ટેબ્લેટમાં પીડીએફ સ્વરૂપે ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે, જેનો ઉપયોગ વિદ્યાર્થીઓ શિક્ષણકાર્ય દરમિયાન વાંચન અને પ્રવૃત્તિ માટે કરે છે.

ટેબ્લેટમાં ઓફલાઈન ચલાવી શકાય તેવી વાર્તાની એપ્લીકેશન ઈન્સ્ટોલ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ ટેબ્લેટમા ઉપલબ્ધ એપ્લીકેશન અને પીડીએફ ફાઈલ પોતાની જાતે ખોલે છે અને સારી રીતે વાચન કરે છે. આ ઉપરાંત વાર્તાની ફાઈલ અને એપ્લીકેશન એકબીજાના ટેબ્લેટમાં કઈ રીતે ટ્રાન્સફર કરવી તે પણ શીખે છે. આ પ્રયોગ દ્વારા વિદ્યાર્થીઓ નવરાશના સમયમાં પોતાની જાતે શાળામાં સંબંધિત શિક્ષક પાસેથી ટેબ્લેટ મેળવી વાર્તાનું વાંચન કરે છે તથા પ્રાર્થનાસભામાં પોતે કઈ વાર્તાનું વાંચન ટેબ્લેટ દ્વારા કર્યું તેનું વર્ણન કરે છે.

## સિસિકા દ્વારા પગરવ હોસ્પિટલમાં સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૪

પગરવ હોસ્પિટલ ગાંધીનગર, સિનિયર સિટિઝન કાઉન્સિલ ગાંધીનગર તેમજ રોટરી કલબના સંયુકત ઉપક્રમે નિઃશુલ્ક સર્વરોગ નિદાન સારવાર કેમ્પનું આયોજન પગરવ હોસ્પિટલમાં કરવામાં આવ્યું હતું.

કેમ્પમાં ૭૦ વડીલો, ભાઈઓ-બહેનો તથા બાળકોએ લાભ લીધો હતો. જેમાં હાઈ બીપી, ઓર્થોપેડીક, આંખ અને દાંતના રોગો તેમજ સ્ત્રી રોગ અને બાળ રોગોની તપાસ કરવામાં આવી હતી.

હોસ્પિટલના ડૉકટરો તેમજ ડૉ. વૈભવ પટેલ તથા સ્ટાફે સેવાઓ આપી હતી. રોટરી કલબના પ્રમુખ બી.કે. ચાવડા, પૂર્વ પ્રમુખ અમીબેન શાહ, જયશ્રીબેન ખેતિયા તેમજ મનોજભાઈએ જહેમત ઉઠાવી હતી.

સિસિકાના પ્રમુખ હસમુખભાઈ શાહ, મંત્રી બી.ડી. શાહ, આરોગ્ય કન્વીનર દશરથભાઈ પરમાર, આશાબેન દોશી, શર્મિષ્ઠાબેન દવે, જશુબેન ઠકકર, સોમાભાઈ પરમાર, રમણલાલ શ્રીમાળી અને હરજીવનભાઈ પંચાલ તથા અશ્વિનભાઈ શાહે સેવાઓ આપી હતી.

## જાણીતી નર્સરી શાળાના 'સ્માર્ટ કિડસ'નો ૨૮મી એ વાર્ષિકોત્સવ

સેકટર-૧માં આવેલી શહેરની પ્રખ્યાત પ્રિ-પ્રાયમરી શાળા 'સ્માર્ટ કિડસ'નો વાર્ષિકોત્સવ ૨૮મી જાન્યુઆરીના રોજ સવારે ૧૧ વાગ્યે ટાઉનહોલ ખાતે યોજવામાં આવ્યો છે. આ વાર્ષિકોત્સવમાં નાના ભૂલકાંઓ દ્વારા વિવિધ કલાકૃતિઓ પ્રદર્શિત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં શાળાના શિક્ષકો, સ્ટાફ તેમજ ભૂલકાંઓના વાલીઓ ઉપસ્થિત રહેશે.

## સે-૧૧ ખાતે પ્રજાસત્તાક દિને ધ્વજવંદન યોજાશે

ગાંધીનગર, તા.૨૪

પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે ૨૬મી જાન્યુઆરીને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે ગાંધીનગરના સે-૧૧ ખાતે આવેલા શાલીન કોમ્પ્લેક્ષની સામેના મેદાનમાં, ચ-૩ નજીક તાલુકા કક્ષાનો ધ્વજવંદન સમારંભ યોજવામાં આવ્યો છે.

આ કાર્યક્રમમાં ગાંધીનગરના પ્રભારી સચિવ સંજીવકુમાર રાષ્ટ્રધ્વજ ફરકાવશે. સવારે ૯ કલાકે ધ્વજવંદન કરવામાં આવશે તથા પ્રભારી સચિવ, લશ્કરી તથા પોલિસ અધિકારીઓ દ્વારા સલામી આપવામાં આવશે. ત્યારબાદ પ્રભારી સચિવ દ્વારા પરેડ નિરીક્ષણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સચિવના પ્રવચન બાદ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. અંતે રાષ્ટ્રગીતના ગાન દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ સંપન્ન કરવામાં આવશે.

## ગાંધીનગર શહેર એસ.સી., એસ.ટી., ઓબીસી, લઘુમતી એકતા સંગઠન શકિતના તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

ગાંધીનગર શહેર એસ.સી., એસ.ટી., ઓબીસી, લઘુમતી એકતા સંગઠન શકિત અને મેરા ભારત મહાન ફેન કલબ ગાંધીનગરના સહયોગથી સમાજના તેજસ્વી તારલાઓનો સત્કાર સમારંભ તા. ૨૬ જાન્યુઆરીના રોજ ડૉ. બાબા સાહેબ આંબેડકર હો, સે-૧૨ ખાતે બપોરે ૩ તી ૬ કલાક દરમિયાન યોજાશે.

આ સત્કાર સમારંભમાં ધો-૧૦ અને ૧૨માં ૨૦૧૬-૧૭ વર્ષમાં ઉત્તીર્ણ થયેલા તેજસ્વી તારલાઓનો સત્કાર સમારંભ યોજાશે. આ પ્રસંગે પ્રમુખ સ્થાને એલ.એન. પરમાર-ચેરમેન, સામાજીક ન્યાય સમિતિ-જિલ્લા પંચાયત ગાંધીનગર, મુખ્ય મહેમાન તરીકે ડૉ. સી.જે. ચાવડા-ધારાસભ્ય ગાંધીનગર અને અતિથિવિશેષ તરીકે બળદેવજી ઠાકોર ધારાસભ્ય કલોલ, સુરેશભાઈ પટેલ ધારાસભ્ય માણસા, રામાજી ઠાકોર પ્રમુખ જિલ્લા પંચાયત ગાંધીનગર, શૈલેન્દ્રસિંહ બિહોલા વિરોધ પક્ષના નેતા ગાંધીનગર નગરપાલિકા, કૌશિકભાઈ શાહ-પ્રમુખ શહેર કોંગ્રેસ ગાંધીનગર ઉપસ્થિત રહેશે. સાથે સહકુટુંબ અને મિત્રમંડળ સહિત પધારવા સંગઠનના પ્રમુખ મગનભાઈ પરમારે અનુરોધ કર્યો છે.

## પ્રજાસત્તાક દિને શહેરના યુવાનો કરશે રકતદાન

### હેપ્પી યુથ કલબ દ્વારા સે-૧૨માં ઉમિયા ભવન ખાતે 'હેપ્પી રકતદાન શિબિર'નું આયોજન

ગાંધીનગર, તા.૨૪

હેપ્પી યુથ કલબ દ્વારા આગામી તા. ૨૬મી જાન્યુઆરી ૨૦૧૮ના રોજ ૬૯માં પ્રજાસત્તાક દિન નિમિત્તે "હેપ્પી રક્તદાન શિબિર"નું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર ઉમિયા ભવન, ઉમિયા માતાજી મંદિર સંકુલ, સેક્ટર-૧૨, ખાતે સવારે ૧૦ થી ૨ કલાક દરમ્યાન યોજાશે જેમાં યુવાનો દેશના વીર શહીદ જવાનોને યાદ કરી રક્તદાનનું સેવાકાર્ય હાથ ધરશે. હેપ્પી યુથ કલબ દ્વારા ૬૯માં પ્રજાસત્તાક દિને શહેરના યુવાનોને ઓછામાં ઓછું ૬૯ યુનિટ રક્ત એકત્ર કરી રાષ્ટ્રસેવામાં સહભાગી બનશે.

"હેપ્પી રક્તદાન શિબિર"નું આયોજન હેપ્પી યુથ કલબ દ્વારા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી તથા સિવિલ હોસ્પિટલ ગાંધીનગર અને કુડાસણ ખાતેના રાજવી ફૂડ કોર્નરના સહયોગથી આયોજિત કરવામાં આવેલ છે. "હેપ્પી રક્તદાન શિબિર"ની થીમ ×કરકે યાદ શહિદો કા બલિદાન, રાષ્ટ્રસેવા કે લિયે કરે રક્તદાન× રાખવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઉનાળાની ગરમીમાં રક્તદાનની પ્રવૃતિમાં ઓટ આવે છે જેના કારણે ઉનાળામાં રક્તની ખેંચ ઉભી થાય છે. "હેપ્પી રક્તદાન શિબિર"નો હેતુ ઉનાળામાં ગાંધીનગર સિવિલ હોસ્પીટલમાં આકસ્મિક સંજોગોના સમયે રક્તની માંગને પહોચી વળવા એકત્ર કરવામાં આવતા રક્તના પુરવઠામાં યોગદાન આપવાનો છે. "હેપ્પી રક્તદાન શિબિર"માં રક્ત એકત્ર કરવાની સેવા ગાંધીનગર સિવિલ હોસ્પીટલની ટીમ દ્વારા આપવામાં આવશે. રક્તદાન કરનાર રક્તદાતાઓને પૌષ્ટિક નાસ્તા સાથે સર્ટીફીકેટ તથા શુભેચ્છા ભેટ આપી સન્માનવામાં આવશે. આ રક્તદાન શિબિરમાં વધુમાં વધુ યુવાનોએ જોડાઈ પ્રજાસત્તાક પર્વના શુભ દિને રાષ્ટ્રસેવાના ભાગરૂપે શક્ય હોય તેટલા વધુ યુનિટ રક્તદાન કરવા તેમજ કરાવવા હેપ્પી યુથ કલબ દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

## આજે શહેરમાં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૨૪

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧થી ૨૫મી જાન્યુઆરીને રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ અન્વયે આજે સવારે ૧૧ વાગે મહાત્મા મંદિરના સેમિનાર રૂમ નં.૨ ખાતે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે ગુજરાતના રાજયપાલ ઓ.પી. કોહલી ઉપસ્થિત રહેશે. ઉપરોકત દિવસે જિલ્લાની તમામ શાળાના વિદ્યાર્થીઓ કોઈ પણ ધર્મ, જ્ઞાતિવાદ કે પ્રલોભનથી પ્રભાવિત થયા વિના મતદાન કરવાની શપથ લેશે. આ દિવસની ઉજવણી કરવાનો મુખ્ય હેતુ યુવા મતદારોમાં મતદાન પ્રત્યે જાગૃતિ લાવવાનો છે. આ ઉપરાંત જિલ્લાના ૮૦ હજાર વિદ્યાર્થીઓ માટે અગાઉ મતદાર જાગૃતિ અભિયાન અન્વયે યોજાયેલી સ્પર્ધામાં વિજેતા થયેલા પ્રથમ ૩ વિદ્યાર્થીઓને પણ આવતીકાલે સન્માનિત કરવામાં આવશે.

## વાતવાતમાં

● ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાતના નિવાસસ્થાને ભારતના ૬૯મા પ્રજાસત્તાક દિને 'સ્વચ્છતા' થીમ આધારિત ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ગાંધીનગર શહેરના 'સ્વચ્છ ભારત અભિયાન'ના બ્રાન્ડ એમ્બેસેડર અભિનેતા જનક ઠકકરના હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે.

● ગાંધીનરમાં 'પદમાવત' ફિલ્મના વિરોધના પગલે મંગળવારે મોડિ રાત્રિ સુધી અજંપાભરી પરિસ્થિતિ રહેવા પામી હતી. શહેરના થિયેટરો દ્વારા ફિલ્મને રિલીઝ નહી કરવાનો નિર્ણય જાહેર કર્યો હોવા છતાં 'અમદાવાદ વાળી' ના થાય તે માટે ચિંતિત જણાયા હતા.

● આજે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી દરમિયાન પંચ દ્વારા યોજાયેલ યુવા મહોત્સવમાં વિજયી થયેલ બે વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે જે ગાંધીનગર યુવા જગત માટે ગૌરવની ઘટના છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની વિવિધ કચેરીઓમાં આજ કાલ સ્વચ્છતા અભિયાન અંતર્ગત સફાઈ ઝુંબેશ ચાલી રહી છે.

# વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજના ત્રણ વિદ્યાર્થીઓ આઈઆઈટી ખડગપુર ખાતે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે

ગાંધીનગર, તા.૨૪

ટેકવૃદ્ધિ રાષ્ટ્રીય સ્તરે આઈઆઈટી ખડગપુર ખાતે યોજાયેલી એક રાષ્ટ્રીય સ્તરની ઈવેન્ટ છે. રાષ્ટ્રોને ઈન્ટરનેટની જેમ કેટલીક નવીનીકરણ અને વિશિષ્ટ ક્ષેત્રોમાંથી કેટલીક બાબતોનો ઉકેલ લાવવા, સ્પર્ધા કરવા અને વિકસાવવા માટે આમંત્રિત કરવામાં આવે છે. વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજ બીજા વર્ષનો વિદ્યાર્થી રવિ રાવ, પાવર ઈલેક્ટ્રોનિક્સનો અંતિમ વર્ષ વિદ્યાર્થી શાહ રૂચિર અને ઈસી બ્રાન્ચના પ્રથમ વર્ષનો વિદ્યાર્થી ઝીલ ગાંધી ની આઈ.આઈ.ટી. ખડગપુર ખાતે વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજમાંથી ત્રણ વિદ્યાર્થીઓને ×ટેકવૃદ્ધિ× માં ગુજરાત ઝોનનું પ્રતિનિધિત્વ કરવા માટે ૩ - ૪ ફેબ્રુઆરી ૨૦૧૮ ભવ્ય સમારોહમાં ભાગ લેવા માટે પસંદગી થઈ છે.

ઈન્ટરનેટ ઓફ થિંગ ઈન્ટરનેટ વસ્તુઓની ઓન / ઓફ સ્વિચ સાથે કોઈપણ ઉપકરણને કનેકટ કરવાની પધ્ધતિ છે. આમાં વોશિંગ મશીનો, સેલ ફોન, લેમ્પ્સ, એર કંડિશનર, પહેરવાલાયક ઉપકરણો અને લગભગ કોઈ પણ વસ્તુનો સમાવેશ તમે કરી શકો છો. વસ્તુઓની ઈન્ટરનેટની એપ્લીકેશન અસંખ્ય છે અને તેમાં સ્માર્ટ સિટી અને ડિજિટલ ઈન્ડિયા મિશનને સફળ બનાવવાના અમારા વડાપ્રધાન દ્રષ્ટિને સમજવાની ક્ષમતા છે. આઈઓટી વિશેની વાતચીત સમગ્ર વિશ્વમાં થતી હોય છે અને તે ઘણાં વર્ષોથી ચાલી રહી છે કારણ કે આપણે એ સમજવા માગીએ છીએ કે આ અમારા જીવન પર કેવી અસર કરશે. અમે એ પણ સમજી રહ્યા છીએ કે આઈઓટીમાં જોડાવા માટે વધુ અને વધુ ઉપકરણો શામેલ થવા જેવી અનેક તક અને પડકારો થવાની શક્યતા છે. અંદાજ છે કે ૨૦૨૦ સુધીમાં આ ગ્રહ પર આશરે ૫૦ અબજ ઈલેક્ટ્રોનિક ઉપકરણો ઈન્ટરનેટ સાથે જોડવામાં આવશે.



## ચિરવિદાય

- સ્વ. ભોળાભાઈ બહેચરદાસ પટેલ, ઉ.વ. ૭૯
- સ્વ. સરોજબેન દશરથભાઈ પટેલ, ઉ.વ. ૩૫
- સ્વ. ગીતાબેન ભરતકુમાર દવે, ઉ.વ. ૬૨
- સ્વ. કનુસિંહ સોમસિંહ રાઠોડ, ઉ.વ. ૬૫